# તમારાં બાળકો તમારાં નથી

--પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'

*શાળા, બાળકને શારીરીક, માનસીક તથા નૈતીક રીતે કારાવાસમાં પુરી મુકે છે; જેથી મોટેરા દ્વારા તેઓની બુદ્ધીમત્તાને યથેચ્છ તરડી-મરડી શકાય. મતલબ કે પોતાને ગમતા ઈચ્છીત બીબામાં કુમળાં બાળકોને ઢાળી શકાય. શાળાઓ, પ્રકૃતી સાથેનાં બાળકના સહજ સંપર્કને છેદી નાખે છે.*

***--ફ્રાન્સીસ્કો ફેરર***

*(આ ફેરર સ્પેનનો એક મહાન ક્રાંતીકારી રૅશાનલીસ્ટ વીચારક-ફ્રી થીંકર-થઈ ગયો; જેને, તેના આવા પ્રગતીશીલ વીચારો બદલ, ઈ.સ. ૧૯૦૯માં ફાંસીએ ચઢાવી દેવામાં આવ્યો!)*

વર્ષો પુર્વેની આ ઘટના છે : મેદાન નવાસવા વરસાદને પરીણામે રઢીયાળું બની રહ્યું હતું. કુણું લીલું ઘાસ નાનાં-નીર્દોષ ભુલકાંની જેમ, આ અજાણ્યા વીશ્વને પામવા ડોકાં કાઢી ઝુલતું હતું. ખાડાઓમાં ખાબોચીયાં ભરાયાં હતાં, જેમાં નાના નાના અનામી છોડ પવનમાં લહેરીયાં લેતા હતા. વધારામાં વળી, મેદાનને શેઢે રેતી-પથ્થરના ઢગલા હતા. કદાચ નજીકમાં ક્યાંક મકાન બંધાતું હશે. હું ચી. મંદાને આ મેદાનમાં ફરવા લઈ ગયો. તેને ત્યાં ખુબ જ મઝા પડી ગઈ. એની પ્રીય રમત-પાણીમાં પથરા નાંખવાની, રમતાં રમતાં અચાનક જ તે મને પુછી બેઠી : 'આ મેદાન તેં મારે માટે બનાવ્યું?' ત્યારે ફક્ત સાડા ત્રણ વર્ષની મંદાએ આ પ્રશ્નમાં 'મારા માટે' શબ્દપ્રયોગ પર જરુરી સ્વરભાર પણ મુક્યો; કારણ કે બાળકની આત્મગૌરવની અને ગર્વની લાગણી મોટેરાં કરતાંય વધુ પ્રબળ હોય છે. પોતાનું અસ્તીત્વ તથા મહત્ત્વ સ્થાપીત કરવાનો એનો સતત પ્રયત્ન હોય છે, અને એવો અનુભવ તેને અદ્ભુત આનંદ આપે છે. બાળકીના આવા મજેદાર અણધાર્યા તથા વીલક્ષણ પ્રશ્નથી મનેય અદ્ભુત રોમાંચ થયો ! મેં પુરા આત્મીય ઉષ્માથી ઉત્તર વાળ્યો :

'હા દીકરા, તારે માટે જ તો, તારે રમવા માટે જ આ મેદાન મેં બનાવ્યું.'

બાળકી તો એના ગર્વ તથા અહંના પરીતોષથી ખુશખુશાલ ! વડીલોના અજાણ્યા અને પરાયા સંસારમાં બાળક સદાય પોતાનાં અસ્તીત્વ-ઉપસ્થીતી આગળ કરવા આવું કંઈક વીચારે છે, અને વડીલો સમક્ષ ઉદ્ગારે છે. ત્યારે સાથેના મોટેરાં એને હસી કાઢે છે, ઈનકારે છે, અને તુચ્છકારપુર્વક એને સાચી હકીકત જણાવી પણ દે છે. આ બીલકુલ અનુચીત બાલહીંસાનો માર્ગ છે. બાળકની સૌથી મનગમતી વસ્તુઓ આ બાહરી દુનીયામાં બે જ છે : પ્રેમ અને પ્રશંસા; જે અમૃત છે; જ્યારે તુચ્છકાર, ઉપેક્ષા અને ધાકધમકી એ બાળકને માનસીક રીતે હણી નાખનારું ઝેર છે.

સ્પષ્ટતા કરું કે, સંખેડા ગામની મારા પડોશીની એ પુત્રી ચી. મંદા મંદબુદ્ધીની મુદ્દલેય નહોતી. બલકે સંપુર્ણ નોર્મલ તથા પુરી સ્માર્ટ જ હતી. મતલબ કે સાડા ત્રણ વર્ષના બાળકનું મગજ જેટલું વીકસીત હોય છે, એટલી બુદ્ધી એનામાં પુર્ણ વીકાસ પામેલી હતી જ. એનો અર્થ એ જ કે, એટલી વયનું બાળક આવાં મેદાન કુદરતી રીતે જ બન્યાં હોય; એના કોઈ માનવ-વડીલ એવી જગ્યા રચી શકે જ નહીં-એવી સમજ ધરાવવા જેટલું પરીપક્વ તે નથી હોતું. એને મન તો એમ જ કે એના અંકલ જેમ તેને ખુશ કરવા ચૉકલેટ આપે યા રમવા માટે રમકડું લાવી દે, એ જ રીતે એને મનગમતું ખેલવા માટે એક મજાનું મેદાન પણ બનાવી દે !...પરંતુ અહીં તો મારે એ બાળકી મંદાની ઈતર કરુણતાની જ કહાણી વર્ણવવી છે.

આઝાદી બાદ, આપણે ભારતીયજનો (અમુક અંશે તો એ આઝાદીને કારણે જ) દુખી દુખી થઈ રહ્યા છીએ. પરંતુ એ તો માફ, કારણ કે આપણા નેતાઓ મુળથી જ 'વચને કીમ્ દરીદ્રતા'–માં માનનારા મહાનુભાવો છે; જેનો અમલ કરવાની ક્ષમતા કે નીષ્ઠા તેઓ ખાસ ધરાવતા નથી હોતા.

દાખલો ટાંકું તો, આઝાદી પુર્વે અમે નેહરુજીને બુલંદ કંઠે એવું પોકારતા કાનોકાન સાંભળેલા કે, ‘સ્વાતંત્ર્ય આવશે, એટલે અમે કાળા બજારીયાને જાહેરમાં ફાંસીએ ચઢાવી દઈશું’. તો વળી ગાંધીજી ઘોષણા કરતા કે, ‘આઝાદી બાદ, વાઈસ-રીગલ લૉજને, એટલે કે રાષ્ટ્રપતીભવનને અમે હોસ્પીટલમાં ફેરવી નાંખીશું !’ પરંતુ આઝાદી પછી તો બધા જ રહસ્યમય ચુપકીદીમાં લાપતા જ થઈ ગયા. અને કાળા બજારીયા તો ઠીક, શરીફ લુંટારાય બીનધાસ્ત ફરવા લાગ્યા, અને આજે તો વળી હદ બહાર !

ખેર, એ તો બધું જ માફ, બહુ દુખીયાને દુખ નહીં ! પરંતુ બાળકોની અસહ્ય યાતનાઓ આ જીવથી જોઈ જતી નથી. એ સ્વતંત્ર સરકારની માત્ર શરમ જ નહીં ; ગુનાહીત નીષ્ફળતાછે. આ દેશમાં પુરા દશ કરોડ બાળમજુરો છે, દુનીયાભરના દેશોમાં સૌથી વધુ અને એ તો કેવળ સત્તાવાર સર્વેક્ષણથી, બાકી હકીકતે, બીજા દશ કરોડ વળી છુપા છે, અને તેય કોઈપણ માલીક બીનધાસ્ત રાખી શકે. ભારતમાં જેમ નેતાઓ પક્ષે, તેમ કાયદા કરવા બાબતે પણ ‘વચને કીં દરીદ્રતા’ જેવું જ છે. લોકો એક પણ પ્રતીકુળ લાગતો કાયદો પાળતા નથી, સવીનય કાનુન ભંગ ! જગતની કાયદાતોડું પ્રજાઓમાં પણ આપણો નંબર અવ્વલ દરજજે ! અહીં નાનાં-મોટાં તમામ નગરોમાં નાનકડાં ત્રણચાર વર્ષનાં બાળકોને ભીખ માંગતાંય હજારોની સંખ્યામાં જોવા મળે, જે મારે મન સૌથી વધુ કરુણ, કરપીણ અને હૃદયદ્રાવક દૃશ્ય છે; પણ આપણે સૌ લાચાર ! આઝાદીએ આપણને મજબુર ગુલામ જેવા બનાવી મુક્યાછે.

ખરેખર, અંગ્રેજી શાસનમાં અમે બાળકો તો કમસેકમ સુખી હતાં. ત્યારે શાળાએ બેસાડવાની લઘુત્તમ ઉંમર પાંચ વર્ષની હતી, અને બાલમંદીર સ્વરુપનું પ્રથમ વર્ષ તે ‘બાળપોથી’નો વર્ગ ગણાતો. અમારે બાળકોએ ફક્ત નીશાળે જવાનું એટલું જ, પછી વાલીઓ તો શું, ક્યાંક તો ખુદ શીક્ષકોય ન જાણે કે અમે ખરેખર શું ભણ્યાં યા ભણીએ છીએ ! પેનથી પાટીમાં એકડા-બગડા લખવાના બસ! એ સીવાય બધું જ મૌખીક, અરે વાર્ષીક પરીક્ષાય છેક છઠ્ઠી સુધી (એટલે કે પ્રાથમીકના છઠ્ઠા વર્ષ સુધી) મૌખીક જ! ખરેખર જ, ત્યારે સાચા, પાકા યા પુરા અર્થમાં ભાર વીનાનું ભણતર ! ટ્યુશન જેવો જાલીમ શબ્દ ત્યારે અમે તો શું, અમારા વાલીઓએ સુધ્ધાં સ્વપ્નમાંય સાંભળેલો નહીં; એવું જ વળી લેસનનુંય, અર્થાત્ શાળામાંથી કશુંય ઘરકામ કદી પણ આપવામાં આવતું નહીં. સ્કુલબેગનોય જરાય બોજો નહીં. વળી, અમારાં માતાપીતા પણ એટલાં જ શાણાં, સમજદાર તથા બાલવત્સલ કે અમને કદાપી ઘરે વાંચવા-લખવાની ફરજ પાડતાં નહીં. નીશાળના સમય બાદ બસ ખુલ્લા દીલે ખેલ્યા કરવાનું, તેય મારા જેવા માટે તો વળી જંગલમાં, નદી કાંઠે, વૃક્ષોની ડાળીએ કે પહાડોના ઢોળાવો પર. પોણોસો વર્ષ પુર્વેના અમારા આવા સુશીક્ષણનું કેવું શુભ સુંદર પરીણામ અમને મળ્યું એ અહીં નહીં વર્ણવું, કેમકે કોઈને કદાચ એ આત્મપ્રશંસા લાગે.

હવે આધુનીક આઝાદ ભારતના (ગુલામ) બાળક જેવી મંદાની દયાજનક અવદશા વર્ણવું; કારણ કે અગાઉ જણાવ્યું તેમ, એ બેબલીની સમજશક્તી પુર્ણ વીકસીત નહોતી, જે એવું માની લઈ શકતી હતી કે, એના અંકલે ખાસ એને ખેલવા-કુદવા માટે જ આખું એક મેદાન બનાવ્યું ! ચી.મંદાની વય સાડા ત્રણ વર્ષની અને એક પુરા વર્ષથી તો તે શાળાએ જતી થઈ ગયેલી ! ન જાણે કયા કેળવણીકારે(કેળવણીકાળે) આ દેશમાં શાળા પ્રવેશની વયમર્યાદા અઢી વર્ષની ઠરાવી છે; જે ખરેખર તો બાળકોના સર્વાંગીણ હીતમાં પાંચ કે સાત વર્ષની જ હોવી ઘટે. નીશાળ શું? ભણવાનું શું અને શા માટે? એવું કંઈ જ એ બાપડાની સમજમાં ઉતરે જ નહીં; છતાં જબરજસ્તીને વશ થઈને નીશાળે જવાનું! -આ તે નીર્દોષ ભુલકાં પર કેવો જીવલેણ જુલમ ! આજેય અમારી બીલ્ડીંગમાં શાળાએ ધકેલાતી એક ત્રણ વર્ષની બાળકી જે મજબુર, મરણતોલ ચીસો પાડે છે, એ સાંભળતાં ખાવુંપીવું કે જીવવું ખરેખર ઝેર થઈ જાય છે...

એટલું જ નહીં, અઢી ત્રણ વર્ષના એ અર્ધમાનવ સમાં માસુમ બાલુડાંને વળી લેખીત પરીક્ષા,

ઘરકામ, અને ઘણાંને તો સ્કુલના ચારપાંચ કલાક ઉપરાંત, એક દોઢ કલાકનું ટ્યુશન પણ માથે ઠોકાય... કોઈ વીચારતું જ નથી, અને જેઓને આવો આતંકવાદ વગર વાંકે સહેવો પડે છે, એ તો બીચારાં વીચારીય શું શકે? ઉપર જણાવ્યું તેમ ત્રણચાર વર્ષનાં બાળકોની સમજશક્તી પુર્ણ પરીપક્વ નથી જ હોતી. માટે જ શાળા પ્રવેશની મર્યાદા ઓછામાં ઓછી પાંચ વર્ષની તો, -અરે, પાંચ વર્ષની જ- કાયદાથી નક્કી કરવી ઘટે. અનેક સુધરેલા દેશોમાં એવો જ કાયદો છે પણ ખરો.

## ભરત વાક્ય

તમારા સંતાન આ સંસારમાં તમારા દ્વારા આવે છે, પરંતુ એ તમારાં નથી. મતલબ કે એથી તેઓ તમારી માલીકીની ચીજ વસ્તુ નથી બની જતાં કે જેથી તમે તમારી ઈચ્છાઓ યા મહત્ત્વાકાંક્ષાઓ તેઓને માથે થોપી શકો ! (ખલીલ જીબ્રાનના બાળકો વીશેના એક અર્થસભર ભાષ્યનો સારાંશ)

--પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'
સંપર્ક : ૪૦૧ - નટરાજ એપાર્ટમેન્ટ, સરદાર બાગ, બારડોલી- ૩૯૪ ૬૦૧
ફોન : (૦૨૬૨૨)- ૨૨૨ ૧૭૬

સુરતના **'ગુજરાતમીત્ર'** દૈનીકમાં છેલ્લાં ત્રીસ વરસથી પ્રકાશીત થતી **પ્રા. રમણ પાઠક**ની લોકપ્રીય કટાર **'રમણભ્રમણ'**માંનો તા.૩૦ જુલાઈ ૨૦૦૭ને શનીવારનો લેખ સાભાર..

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **118** -- **September 9, 2007**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન- **સુનીલ શાહ** -સુરત- **sunras22266@gmial.com**



## લેખક-પરીચય

સને ૧૯૨૨ની ૩૦મી જુલાઈએ પંચમહાલ જીલ્લાના 'વનાંચલ'ના માંડ પચીસ ઘરના 'ગોઠ' ગામમાં જન્મેલા આ રમણભાઈ બચપણમાં કૃશકાય પણ જાલીમ તોફાની, માસ્તરને હેરાન કરવામાં ને ક્વચીત મારવામાં પાવરધા અને ભણવામાં એક નંબરના ડોબા ! પણ ધોરણ સાત પછી આ સીતારો ઝળક્યો. પંથકની બધી શાળાઓના હોશીયાર વીદ્યાર્થી તરીકે પંકાયા. કાલોલની હાઈ સ્કુલમાંથી ૧૯૪૦માં મેટ્રીક પસાર કરી. સુરતની એમ.ટી.બી. કૉલેજમાં ભણી બી.એ. થઈ, સરકારી નોકરી સહીત અન્ય સારી નોકરીઓ છોડી 'શીક્ષક' બન્યા. ભણતાં ભણતાં જ વડીલોએ જ્ઞાતીની કન્યા જોડે સગાઈ કરેલી તે તોડી. તે કાળે, સગાઈ તોડવાનું પગલું અસાધારણ ગણાતું. ૧૯૫૦માં મુંબઈની ભાટીયા કન્યા સરોજ પાઠક(સરોજ ઉદ્દેશી) સાથે આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં તેય દીલ્હીમાં

અને બે રુપીયાના ખર્ચમાં! ૧૯૪૮ સુધી શીક્ષક; પણ ૧૯૪૮થી ૧૯૬૮ પત્રકારીતા. મુંબઈના ‘હીન્દુસ્તાન’ દૈનીકના તંત્રી વીભાગમાં, દીલ્હી રેડીયોના સમાચાર સંપાદક અને વાચક, સોવીયેત એમ્બેસીમાં ગુજરાતી માહીતી વીભાગના મુખ્ય સંપાદક અને પછી? બધુંય સ્વેચ્છાએ છોડી, ૪૦ વરસની વયે ફરી સુરતની એમ.ટી.બી. કૉલેજમાં અને એમ.એ.ની પરીક્ષા પ્રથમ ક્રમે સુવર્ણચંદ્રક સાથે પસાર કરી. એક જ સંતાન-દીકરી શર્વરી. જ્યેષ્ઠબંધુ કવી જયંત પાઠકથી માત્ર બે જ વરસ નાના. બન્ને ભાઈઓને હીંચકે બેસી મૈત્રીભર્યા ઠહાકા લેતા જોવા-સાંભળવા એ એક લહાવો હતો.

આવા રમણભાઈ, ક્રાંતીકારક ચીંતનના માલીક અને પરંપરાને પડકારો દેનારા. ‘મંદીરને બદલે સંડાસ બાંધો’ કહેનારને જેટલા સ્નેહાળમીત્રો છે તેટલા જ એમના વીચારોના દીલોજાન વીરોધીઓ પણ છે. બાળકો અને સ્ત્રીઓની સમસ્યાઓ એમની તીવ્ર વેદનાના વીષયો. એમનાં લખાણોમાં રેશનાલીઝમનું દર્શન અને વૈશ્વીક જીવનવ્યવસ્થા તરીકેનાં તેનાં તમામ પાસાંઓની અભ્યાસપુત ચર્ચા હોય. પ્રવાહને પારખી તેની દીશામાં તરનારા નહીં; પરંતુ વીવેકબુદ્ધીના તરાપે સામા પુરે તરનારા. હળાહળ પ્રદુષીત વાતાવરણમાં આટલા પ્રામાણીક, સાચુકલા અને તંતોતંત લાગણીથી લથપથ માણસો આજે ક્યાં છે? ઓગણીસમી સદીમાં સુરતને નર્મદની જેટલી જરુર હતી એટલી જ વીસમી સદીમાં ગુજરાતને રમણભાઈની જરુર હતી. સુરતની ભુમી વીર નર્મદ અને પ્રા. રમણભાઈ પાઠકને જીરવી ગઈ એ પણ નાનો સુનો ચમત્કાર નથી!

રેશનલીઝમના પીતામહ તરીકે ઓળખાતા આ સર્જકે બધા જ સાહીત્યપ્રકારોની સાધના કરી સાઠ જેટલાં મુલ્યવાન પુસ્તકો આપ્યાં છે.

--વલ્લભભાઈ ઈટાલીયા (સુરત) અને ઉત્તમ ગજ્જર (સુરત)

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **4,38,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **6200** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ

http://gujaratilexicon.com/index.php?action=downloadSeM

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા ‘ઓપીનીયન’ માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાધાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા ‘માતૃભાષા’ માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## ● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
**web site** : www.ameamericanamdavadi.com

**'સન્ડે ઈ-મહેફીલ'** -- **વર્ષ : ત્રીજું** -- **અંક : 118** -- **September 9, 2007**
**'ઉંઝાજોડણી'**માં અને **'વીજયા'** ફોન્ટમાં અક્ષરાંકન : **સુનીલ શાહ** -સુરત- **sunras22266@gmial.com**

◆●◆ ◆●◆ ◆●◆